RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 12 * Issue No. 278 *Date: 30.7.2026,Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 350/-

## લાયસન્સ અને હેલ્મેટ વગર વાહન લઈને આવતા વિદ્યાર્થીઓને શાળામાં 'નો-એન્ટ્રી', અમદાવાદ DEOનો આદેશ



અમદાવાદમાં રોડ સેફ્ટી અને સગીર વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ફઈ દ્વારા કડક આદેશ જાહેર કરવામાં આવ્યો છે. આ નવા નિયમ અનુસાર, ૧૮ વર્ષથી ઓછી ઉંમરના વિદ્યાર્થીઓને ડ્રાઈવિંગ લાયસન્સ અને હેલ્મેટ વિના વાહન ચલાવવાની મનાઈ ફરમાવવામાં આવી છે. તેમજ આવા વિદ્યાર્થીઓને શાળા પરિસરમાં પ્રવેશ નહીં આપવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ સાથે જ તમામ શાળાઓને નિયમનો ભંગ કરનાર વિદ્યાર્થીઓના વાલીઓને તાત્કાલિક જાણ કરવા અને આગામી ૭ દિવસમાં પ્રાર્થના સભા તથા અન્ય માધ્યમો દ્વારા રોડ સેફ્ટી અને ટ્રાફિક જાગૃતિના કાર્યક્રમો યોજવા માટે કડક સૂચના આપવામાં આવી છે.અમદાવાદ શહેરની શાળાઓમાં સગીર વયના બાળકો લાયસન્સ વગર વાહનો ચલાવતા હોવાથી જે ગંભીર ઘટનાઓ બની રહી છે, તેને ધ્યાનમાં રાખીને મેં તમામ શાળાઓને રોડ સેફ્ટી અંગે જાગૃતિ કાર્યક્રમો યોજવા સૂચના આપી છે. આગામી એક સપ્તાહમાં શાળાઓએ રોડ સેફ્ટીના નિષ્ણાતો અથવા ઈંના અધિકારીઓને બોલાવીને વિદ્યાર્થીઓને કાયદા, દંડનીય જોગવાઈઓ અને ટ્રાફિકના નિયમો વિશે માહિતગાર કરવાના રહેશે. આ સાથે શાળાઓએ વાલીઓને પણ સ્પષ્ટપણે જણાવી દેવાનું રહેશે કે કોઈપણ વિદ્યાર્થી લાયસન્સ વગર ટુ-વ્હીલર કે ફોર-વ્હીલર લઈને શાળાએ આવી શકશે નહીં, અને જો આવશે, તો તેને શાળામાં પ્રવેશવા દેવામાં આવશે નહીં. જ્યારે કોઈ દુર્ઘટના બને છે ત્યારે પાછળથી પસ્તાવો કરવાનો વારો આવે છે, તેથી વાલીઓએ પણ આ બાબતે અમને પૂરો સહકાર આપવો જોઈએ.તમામ વાલીઓને લેખિત, વોટ્સએપ, એસએમએસ અથવા અન્ય યોગ્ય માધ્યમથી સ્પષ્ટ જાણ કરવી કે ૧૮ વર્ષથી ઓછી ઉંમરના અથવા માન્ય ડ્રાઈવિંગ લાઈસન્સ વગરના વિદ્યાર્થીઓને કોઈપણ દ્વિચક્રી કે ચતુર્થચક્રી વાહન ચલાવવા માટે મંજૂરી આપવી નહીં.જો કોઈ વિદ્યાર્થી લાઈસન્સ વગર દ્વિચક્રી કે ચતુર્થચક્રી વાહન લઈને શાળામાં આવે અથવા દ્વિચક્રી વાહન પર હેલમેટ વગર આવે, તો આવા વિદ્યાર્થીને શાળા પરિસરમાં વાહન સાથે પ્રવેશ આપવા નહીં. વાલીને તાત્કાલિક બોલાવી જરૂરી સમજણ આપી, ભવિષ્યમાં આવી ઘટના ન બને તેની લેખિત ખાતરી મેળવવી.સવારની પ્રાર્થના સભા, વર્ગખંડ માર્ગદર્શન તથા વાલી મીટિંગ દરમિયાન રોડ સેફ્ટી અંગે સતત જાગૃતિ લાવવી.શક્ય હોય ત્યાં ઈં, ટ્રાફિક પોલીસ અથવા રોડ સેફ્ટી નિષ્ણાતોને આમંત્રિત કરીને વિશેષ જાગૃતિ કાર્યક્રમો યોજવા.વિદ્યાર્થીઓમાં હેલમેટનો ઉપયોગ, સીટબેલ્ટનો ઉપયોગ, ગતિ મર્યાદાનું પાલન, મોબાઈલનો ઉપયોગ કર્યા વિના વાહન ચલાવવું તથા તમામ ટ્રાફિક નિયમોનું પાલન કરવાની ટેવ વિકસાવવી.તેમણે વધુમાં ઉમેર્યું કે, 'પોલીસ દ્વારા રસ્તાઓ પર નિયંત્રણ રાખવામાં આવે છે, છતાં શાળા સમય બાદ કોચિંગ ક્લાસ જવા માટે સમય બચાવવાના બહાને વાલીઓ બાળકોને વાહન આપતા હોય છે, જે કાયદાની વિરુદ્ધ છે અને ખૂબ જ જોખમી પણ છે. આ અંગે અમે શાળાઓને સ્પષ્ટ સૂચનાઓ આપી દીધી છે અને હવે ટ્રાફિક પોલીસ તથા ઈં સાથે મળીને અમારી ટીમ શાળાઓમાં સરપ્રાઈઝ ચેકિંગ પણ કરશે. જો શાળા પરિસરમાં આવાં વાહનો જોવા મળશે

## મીનાક્ષી મંદિરની ૬૦ કરોડની જમીન હડપી:ખોટા દસ્તાવેજો દ્વારા કબજો, આ મામલે ૧૯ લોકો પર FIR

મદુરાઈના પ્રસિદ્ધ મીનાક્ષી મંદિર સાથે સંકળાયેલા એક ચેરિટેબલ ટ્રસ્ટની ૧.૭૯ એકર જમીનને નકલી રીતે હડપવાનો મામલો સામે આવ્યો છે.આ જમીનની કિંમત આશરે ૬૦ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. મદુરાઈ સિટી સેન્ટ્રલ ક્રાઈમ બ્રાન્ચ (ઝઝ્રમ્) એ આ મામલે ૧૯ લોકો વિરુદ્ધ હ્લૈંઇ નોંધી છે.આરોપ છે કે આરોપીઓએ જમીનના નકલી ટ્રાન્સફર, રજીસ્ટ્રેશન અને મોર્ગેજ ટ્રાન્ઝેક્શન દ્વારા જમીન હડપવાનું કાવતરું રચ્યું હતું. આ કાર્યવાહી મંદિરના સંયુક્ત કમિશનર અને કાર્યકારી અધિકારી સેલ્લાદુરઈ અને ભ્રષ્ટાચાર વિરોધી સંસ્થા 'અરાપોર ઈયક્કમ'ની ફરિયાદ પર કરવામાં આવી છે.ફરિયાદ અનુસાર, ૧૯૩૦માં સૈદાપેટ સબ-રજિસ્ટ્રાર કાર્યાલયમાં એક વસિયતનામું નોંધાવવામાં આવ્યું હતું. તેમાં કહેવામાં આવ્યું હતું કે અલગાર કોવિલ રોડ પર આવેલો અશોક વિલાસ બંગલો અને તેની સાથે જોડાયેલો બગીચો મીનાક્ષી સુંદરેશ્વર મંદિર અને અલગાર મંદિર માટે બનાવેલા ચેરિટેબલ ટ્રસ્ટનો છે. વસિયતનામામાં ફક્ત જમીનને લીઝ પર આપવાની મંજૂરી હતી, જયારે તેનું વેચાણ, મોર્ગેજ કે માલિકી હક ટ્રાન્સફર કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ હતો.આ કેસમાં આરોપ છે કે ૨૪ જૂન ૨૦૧૬ના રોજ તત્કાલીન મદુરાઈ ઉત્તર તહસીલદાર અનબઝગને સરકારી રેકોર્ડમાંથી મંદિરની માલિકી હટાવી દીધી હતી. તેમણે ગેરકાયદેસર રીતે જમીનનો પટ્ટો ૯ લોકોના નામે ટ્રાન્સફર કર્યો હતો.મહેસૂલ વિભાગીય અધિકારી (ઈઙ્ઘ) એ તહસીલદારના આદેશને રદ કર્યો. જમીનને મંદિર ટ્રસ્ટની સંપત્તિ ગણાવીને પટ્ટો પાછો મંદિરના નામે કરવાનો નિર્દેશ આપ્યો. આ મામલે મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેંચમાં પણ કેસ ચાલી રહ્યો છે, જેણે વચગાળાનો સ્ટે આપ્યો છે.હ્લૈંઇમાં આરોપ છે કે કોર્ટના આદેશ છતાં ૧૬ એપ્રિલ ૨૦૨૧ ના ??રોજ થુથુકુડી જિલ્લાના મુરાપ્પનાડુ સબ-રજિસ્ટ્રાર કાર્યાલયમાં તત્કાલીન સબ-રજિસ્ટ્રાર અનંતરામનની મદદથી જનરલ પાવર ઓફ એટર્ની (ય્ઁછ) રજીસ્ટર કરાવવામાં આવી હતી. આના આધારે ૧૯ જુલાઈ ૨૦૨૧ ના ??રોજ ડિંડીગુલ જિલ્લાના વડા મદુરાઈ સબ-રજિસ્ટ્રાર કાર્યાલયમાં તત્કાલીન સબ-રજિસ્ટ્રાર પ્રશાંત સંથાન કરુપ્પન દ્વારા મોર્ગેજ ડીડ પણ રજીસ્ટર કરાવી લેવામાં આવી હતી.તપાસકર્તાઓનું કહેવું છે કે આરોપીઓએ કાયદાકીય પ્રતિબંધો છતાં સાંઠગાંઠ કરીને નકલી પટ્ટા ટ્રાન્સફર અને મોર્ગેજ ટ્રાન્ઝેક્શન દ્વારા મંદિરની જમીન પર કબજો કરવાનો પ્રયાસ કર્યો. ઝઝ્રમ્એ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮(૪) (છેતરપિંડી) અને ૬૧(૨) (ગુનાહિત ષડયંત્ર) હેઠળ કેસ નોંધ્યો છે અને આગળની તપાસ ચાલુ છે.

## અભિજીત દીપકે કહ્યું- વિદ્યાર્થીઓ પર પોલીસ કાર્યવાહી તરત રોકો:નહીં તો મોટું આંદોલન થશે

*કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દીપકે મંગળવારે જણાવ્યું હતું કે, 'જો વિદ્યાર્થીઓ સામેની કાર્યવાહી બંધ નહીં થાય તો, તેઓ મોટા પાયે વિરોધ પ્રદર્શન કરશે.' આ તરફ બિહાર અને મહારાષ્ટ્ર પછી પશ્ચિમ બંગાળ સરકારે પણ દ્મઈઈ્ પેપર લીકના વિરોધમાં પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓ સામેના કેસ પાછા ખેંચવાની જાહેરાત કરી છે.ગૃહ વિભાગે સ્પષ્ટ કર્યું કે પ્રદર્શનમાં સામેલ થયેલા જે લોકોનો ગુનાહિત રેકોર્ડ નથી, તેમની સામે કાર્યવાહી થશે નહીં.કોકરોચ જનતા પાર્ટીએ દિલ્હીના જંતર-મંતર પર ધરણા-પ્રદર્શન કર્યું હતું. આ દરમિયાન દેશભરમાં પ્રદર્શનો થયા હતા. ઘણી જગ્યાએ હિંસા અને પોલીસ સાથે ઘર્ષણના અહેવાલો આવ્યા હતા.*



*સતત બીજા દિવસે પ્રદર્શનની ધમકી આપી છે. આ પહેલા સોમવારે નવી દિલ્હીમાં પ્રેસ કોન્ફરન્સ કરીને કહ્યું હતું કે જો સરકારો દ્વારા પ્રદર્શનકારીઓ પર પોલીસ કાર્યવાહી નહીં અટકે અને ધરપકડ કરાયેલા વિદ્યાર્થીઓને રાહત નહીં મળે, તો તે ફરીથી આંદોલન શરૂ કરશે. આંદોલન દરમિયાન પોલીસ કાર્યવાહી ફક્ત દિલ્હી સુધી સીમિત નહોતી.*

## આર્ટ્સ અને કોમર્સ કોલેજ -થરા માં ગુરુપૂર્ણિમા નિમિત્તે ભાવભર્યો ગુરુ વંદન કાર્યક્રમ યોજાયો




કાંકરેજ તાલુકા કેળવણી મંડળ સંચાલિત શ્રી સેવંતીલાલ અમૃતલાલ સુરાણી વિદ્યાસંકુલ અંતર્ગત શ્રીમતી કાન્તા બેન કીર્તિલાલ શાહ આર્ટ્સ અને શ્રીમતી લીલાવતીબેન બાપુલાલ ગુંજારીયા કોમર્સ કોલેજ થરા ખાતે આજ રોજ તા. ૨૭/૦૭/૨૬ના રોજ કોલેજના પ્રિન્સિપાલ ડો. ડી. એસ. ચારણના માર્ગદર્શનમાં ગુરુપૂર્ણિમાના પાવન અવસરે ભાવભર્યો ગુરુ વંદન કાર્યક્રમ યોજાયો હતો.કાર્યક્રમની શરૂઆત કોલેજનાઆદ્યસ્થાપક સ્વ. શ્રીશાંતિલાલ છોટાલાલ ધાણધારા તથા કોલેજના પૂર્વપ્રમુખ અને આર્ટ્સ કોલેજ ના દાતાશ્રી કીર્તિલાલ રતિલાલ શાહ તથા કોલેજ મકાન ના ભૂમિદાતા સ્વશ્રી ચીમનલાલ મફતલાલ સોની ની પ્રતિમાને ફુલહાર અને પુષ્પજલિ કરવામાં આવી હતી. આ પ્રસંગે કોલેજના વર્તમાન પ્રમુખ શ્રીધીરુભાઈ શાહ, શ્રીમતી ગીરાબેન શાહ કોર્પોરેટર થરા નગરપાલિકા ,મંત્રીશ્રી જીતુભાઈ ધાણધારા, શ્રી રાજુભાઈ સોની કોલેજ ના પ્રિન્સિપાલ શ્રી ડો. ડી. એસ. ચારણ, કોલેજ ના અધ્યાપકશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.ત્યારબાદ ગુરુપૂર્ણિમા નિમિત્તે કોલેજના ગુરુજીઓના વંદન અને પૂજનનો કાર્યક્રમ યોજાયો. કોલેજની બી. એ. સેમ -૧ની વિદ્યાર્થીનીઓ શ્રેયા દેસાઈ અને નીલમ ત્રિવેદી દ્વારા ભાવસભર ગુરુ આરતી રજૂ કરવામાં આવી હતી. તથા તમામ ગુરુજનોનું કુમકુમ તિલક અને પુષ્પગુચ્છ દ્વવારા સન્માનપૂર્વક વંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોલેજની વિદ્યાર્થીનીઓએ ગુરુ પ્રત્યેના પોતાના આદર, શ્રદ્ધા અને કૃતજ્ઞતાની લાગણીઓ વિવિધ વક્તવ્યો દ્વારા વ્યક્ત કરી હતી.આ કાર્યક્રમ ના અધ્યક્ષ સ્થાનેથી આશીર્વાદ આપતાં કોલેજના પ્રિન્સિપાલ ડૉ. દિનેશકુમાર ચારણે વિદ્યાર્થીઓને ગુરુપૂર્ણિમાનું આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વ સમજાવતાં ગુરુનું વ્યક્તિના જીવનમાં રહેલું અનન્ય સ્થાન અને માર્ગદર્શનના મૂલ્ય અંગે ગહન અને પ્રેરણાદાયી વિચારો રજૂ કર્યા હતા.કાર્યક્રમના અંતે પ્રાધ્યાપક ડૉ. ગૌરવ શ્રીમાળીએ આભારવિધિ વ્યક્ત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ અને સુચારુ સંચાલન એન.એસ.એસ. વિભાગના કાર્યક્રમ અધિકારી ડૉ. રામભાઇ બી. સોલંકીએ કર્યું હતું.

## પાટનાકુવા ગામને ભેટરૂપે 'જય તુળજા ભવાની પ્રવેશદ્વાર'નું લોકાર્પણ સંપન્ન



દહેગામ તાલુકાના પાટનાકુવા ગામના સ્વ. ધર્મદાસ લાલજીભાઈ ચૌધરીની સુપુત્રીઓ સ્વ. શાંતાબેન તથા સ્વ. કંકુબેનની પવિત્ર સ્મૃતિમાં, ગામ રખિયાલ નિવાસી તેમના સુપુત્રો શ્રી નટુભાઈ જોઈતાભાઈ ચૌધરી, શ્રી યશવંતભાઈ જોઈતાભાઈ ચૌધરી તથા શ્રી રમેશભાઈ વીરાભાઈ ચૌધરીના સહયોગથી પાટનાકુવા ગામે 'જય તુળજા ભવાની પ્રવેશદ્વાર'નું નિર્માણ રૂ. ૭,૭૫,૦૦૦/- (અંકે રૂપિયા સાત લાખ પંચોતેર હજાર પુરા)ના ખર્ચે કરવામાં આવ્યું છે અને આ ભવ્ય પ્રવેશદ્વાર પાટનાકુવા ગામને ભેટરૂપે અર્પણ કરવામાં આવ્યું છે.આ શુભ કાર્યમાં પાટનાકુવા ગામના કલા પરિવાર દ્વારા પણ નોંધપાત્ર સહયોગ આપવામાં આવ્યો હતો. તેમજ પાટનાકુવા ગ્રામ પંચાયત દ્વારા પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવી આ કાર્યમાં મહત્વપૂર્ણ યોગદાન આપવામાં આવ્યું હતું.આ 'જય તુળજા ભવાની પ્રવેશદ્વાર'નું લોકાર્પણ તા. ૨૯/૦૭/૨૦૨૬, અષાઢી પૂર્ણિમાના પાવન દિવસે શ્રી નટુભાઈ જોઈતાભાઈ ચૌધરીના વરદ હસ્તે, પાટનાકુવા ગામના દહેગામ તાલુકા પંચાયતના સદસ્યશ્રી, ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓ તેમજ ગામના આગેવાનો અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં વિધિવત્ સંપન્ન કરવામાં આવ્યું હતું.આ ભવ્ય પ્રવેશદ્વાર ગામની ઓળખ, ગૌરવ અને એકતાનું પ્રતીક બની રહે તેવી સૌએ શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOGSS NO: 345**
વિષય : અસ્તિત્વ
શીર્ષક : ધબકવું
પ્રકાર :ગદ્ય શબ્દ:૧૨૫

અસ્તિત્વ એટલે ફક્ત જીવવું નહીં.
શ્વાસ લેવો એ જીવન છે, પણ કોઈના માટે ધબકવું એ અસ્તિત્વ છે.

આપણે બધા એક દિવસ આવીએ છીએ અને એક દિવસ જઈએ છીએ. વચ્ચેનો સમય જ આપણું અસ્તિત્વ છે.
કોઈના હાસ્યમાં, કોઈના આંસુમાં, કોઈની યાદમાં જીવી જવું એ જ સાચું અસ્તિત્વ.

ઝાડ પડી જાય તો પણ એનો છાયો યાદ રહે,
નદી સુકાઈ જાય તો પણ એનો અવાજ કાને ગુંજે,
માણસ ચાલ્યું જાય તો પણ એનો પ્રેમ કોઈના રૂમાલમાં જીવે.

એટલે અસ્તિત્વ શરીરથી નથી મપાતું.
એ તો એનાથી મપાય છે કે આપણે ગયા પછી પણ કોઈના દિલમાં જીવીએ છીએ કે નહીં.

"હોવું" અને "હોવાની અનુભૂતિ કરાવવી" એ બે વચ્ચે જ આખું જીવન છે.

હંસા ઝાલા "લાગણી" (સુરત)
★★★★★★

**NOG SS:226**
વિષય:- અસ્તિત્વ
શીર્ષક:- મા નું ઋણાનુબંધ!!
રચના - પદ્ય શબ્દો:-૧૦૦

હે મા! કોખે ઘણું દુઃખ વેઠ્યું
અવનીએ અવતાર્યો તેં, આભાર ન વળે,
હે મા! ખુદની છાતીએ ચાંપી
પયપાન કરાવું સ્તનથી, આભાર ન વળે.

હે મા! ના હું કાંઈ પણ બોલું
છતાં સઘળું તું સમજી, આભાર ન વળે,
હે મા! મળ મૂત્ર વેઠ્યાં વળી
સોડમાં હેતથી સુવાડી, આભાર ન વળે.

હે મા! કદીક રિસામણા કર્યા
કરતી તું તો મનામણાં, આભાર ન વળે,
હેમા! કદીક બિમારીમાં પડું
આંતરડી કકળતી તુજ, આભાર ન વળે.

હે મા! સાવ નાદાન ને નખરાળ જ
પ્રેમ ઝરણાં તું વહાવતી, આભાર ન વળે,
હે મા! આચનક તું સ્વર્ગે સિધાવી
અમર આત્મા દિલમાં, સદાય આભાર!.

સુભાષ ઉપાધ્યાય
'મેહુલ'(અમેરિકા)
★★★★★★★

**NOGSS NO: 161**
વિષય : અસ્તિત્વ
શિર્ષક : શું તમે તમારાં છો?
પ્રકાર : વિચાર લેખ શબ્દો : ૨૪૦

એકાંતની અટારીએ જરા પાંપણને સંકેલીને બેઠાં ત્યારે વિચારોએ મન મસ્તિષ્કને ઘેરી લીધું. સ્વાનુભવોના પ્રત્યાઘાત આંખ આગળ આવ્યા. હંમેશા અન્યને પોતાના કરવામાં ને કરવામાં શું તમારા અસ્તિત્વને તમે સમજો છો? ભીતરનો માંહ્યલો તમારો રહ્યો છે? તમે તમારા રહ્યા છો? સવાલ એ થાય કે આ તે કેવો સવાલ ? વહેતા સમયનાં વહેણમાં તમે એક આભાસી પ્રતિબિંબ બનતા જાઓ છો. પોતાનો ગમો અણગમો વ્યક્ત કરવાનું જાણે કે ભુલાઈ જ ગયું! સંપૂર્ણ સ્વાર્પણમાં સ્વ નો અભાવ થઈ ગયો. જાણે કોઈ માંહ્યલો મરી પરવાર્યો! સતત પોતાને શોધવામાં મન આમથી તેમ ફંગોળાયા કરે!

ભવસાગર પાર કરતાં કરતાં ક્યારે એક ભરતીનું મોજું આવે ને પાછું છેક કિનારે અફળાઈ જાય કંઈ કહેવાય નહીં. અચાનક દિલમાં કંટક પેદા થાય કે ક્યાં પોતાની ચૂક થઈ? બધાને સાચવવામાં પોતાની સગવડ ના સચવાઈ. એવા સમયે ભૂલ સમજાય કે જ્યારે તમે તમારા રહ્યાં જ ના હોય. ત્યાર બાદનું જીવન એકલતાના વનમાં અટવાઈ જાય. આવું ના થાય તેના માટે રોજ થોડું થોડું પોતાના માટે જીવવાનું પણ શીખી લેવું જોઈએ. બાળપણમાં બાળપણને, જુવાનીમાં જુવાનીને અને ઘડપણમાં ઘડપણને પોતાની રીતે જીવી લેતા આવડી જાય તો ભવસાગરમાં ગમે તેટલા તોફાન આવે તો પણ સામી છાતીએ તરતા થઈ જવાય.. પોતે પહેલાં ક્યાં અને કેવા હતાં એનું મનોવિશ્લેશણ પણ કરી લેવું જોઈએ. પોતાને મનપસંદ પ્રવૃત્તિઓને જીવનમાં ફરીથી વણી લેવાની જાહોજલાલીની કંઈક અલગ જ મઝા છે એ તમે ચોક્કસ અનુભવી શકશો. તમે તમારા પણ છો એવી અનુભૂતિ જીવનમાં નવી ઊર્જા પ્રસ્થાપિત કરી શકશે. તમારા અસ્તિત્વને હંમેશા તમારે જાગૃત જ રાખવો જોઈએ.. અસ્તુ!

ગ્રીષ્મા પંડ્યા (અમદાવાદ)
★★★★★★★

**NOG SS NO- 195**
વિષય: અસ્તિત્વ
શીર્ષક: અમૃતનું અસ્તિત્વ
પ્રકાર:પદ્ય અછાંદસ
શબ્દો: ૯૬

અંતર અસ્તવ્યસ્ત હતું ને ભીડમાં ભળી ગયો,
આસ્થા હતી અફર તો અવિનાશી મળી ગયો.

મુંજવણ મારી ખરી મને જવાબ મળી ગયો,
હું શોધ્યો મેં મારા માં મારો સવાલ ટળી ગયો.

શોધ્યા કર્યો એને મેં સકલ સૃષ્ટિમાં ઘણે ઘણે,
મેં મારામાં જ ખોળ્યુ તો મને ખુદા મળી ગયો.

શ્રધ્ધા રાખી સ્મરણમાં ઝરણને ઝાંખી લીધું,
નિસર્ગમાં નિરખ્યો મને નારાયણ મળી ગયો.

પ્રાર્થનામાં પરિબળો ઘણાં,પરિણામો પુષ્કળ,
પાપા પગલી ભરતાં મને પ્રભુપ્રેમ મળી ગયો.

યમ,નિયમ શુ કરવા શુ કરવી સમાધીની વાતો,
જગદીશને જપતા જપતા જવાબ મળી ગયો.

ઉપર નીચે આડોઅવળો ક્યાં છુપાયો શામળા,
"અમૃત"ના અસ્તિત્વમાં અવિનાશી મળી ગયો.

અમૃત શ્રીમાળી (મહેસાણા)
★★★★★★

**NOG SSNO:153**
વિષય:"અસ્તિત્વ"
શીર્ષક:" સ્વતંત્ર અસ્તિત્વ નું અસ્થિ વિસર્જન"
પ્રકાર:પધ્ય. શબ્દો:૧૮૨

સોશિયલ સૂપપ.. કોઈપણ વ્યકિત ગમે તેટલો સારો હોય પણ તે બીજાં ની આંખો નાં ચશ્મા થી જોતો હોય તો બીજાં નાં બધાં ગુણ-અવગુણ તેનાં માં આવી જાય છે.તેનું પોતાનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ જ રહેતું નથી. જેઓ આ વ્યકિત ને પોતાનો માનતી હોય છે, તેઓ નું માન પણ આ વ્યકિત ગુમાવે છે.માટે તમારાં દિલ નું માનો. તમારી જાત ને તમે વધારે બુધ્ધિશાળી માનતાં હોવ તો તમારાં દિમાગ નું માનો.કોઈ પણ કાળે ઉછીની દ્રષ્ટી કે બુધ્ધિ કામ માં આવતી નથી અને સંબંધો માં વિનાશ નોતરે છે.પહેલાં નાં જમાનાં માં આને કાનભંભેરણી કહેતાં અને આ કામ રાજા ની માનીતી રાણી કરતી. કૈકેયી રાણી આનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. કૈકેયી નાં પિયર થી લાવેલી દાસી મંથરા ની ચડવણી થી કૈકેયીએ રાજા દશરથ ને કાનભંભેરણી કરી અને રામ ૧૪ વર્ષ વનવાસ ગયાં. સૂર્યવંશી, રઘુવંશી, સુજ્ઞ અને બાહોશ રાજા દશરથ ને ઈતિહાસે કઈ રીતે ચીતર્યો તે તમે જોઈ શકો છો. હવે દાસી પ્રથા નાબૂદ થઈ ગઈ છે તેથી માનીતી રાણી ને પિયર થી ચડવણી નું કામ તેમની મમ્મી અને ભાભી કરે છે.

જીતેન્દ્ર શાહ"સુકાન્ત" (અમદાવાદ)
★★★★★★

**NOG SS NO 173.**
વિષય - અસ્તિત્વ
પ્રકાર- પદ્ય.
શબ્દ સંખ્યા- ૮૪.
શીર્ષક-
'અસ્તિત્વની આરપાર'

માટીની આ કાયામાં
કોણ અજાણ્યો શ્વાસ ધબકે છે?
પળભરની આ જીંદગીમાં
કોણ અદમ્ય નાદ જગાવે છે!
જન્મથી મૃત્યુ સુધીની આ
બે છેડા વચ્ચેની રેખા,
ક્યારેક હસાવે, ક્યારેક
આંસુની ધાર બની વહે છે.
શોધવા નીકળી જ્યારે હું
મારી જાતને દુનિયા ની ભીડમાં,
ત્યારે સમજાયું, છે
'સ્વ અસ્તિત્વ 'જ મોટું સત્ય!
શ્વાસની આવન જાવન તો
માત્ર એક વ્યવહાર છે,
બાકી અસ્તિત્વ તો એ છે
જે મનથી કોઈને યાદ રહે !
ક્યાંથી આવીને ક્યાં જવાનું
કોણે જાણ્યું સરનામું?
આ સવાલની ભાંજગડમાં
જગત નું જીવન વસે છે.

-ડૉ. દક્ષા જોશી 'નિર્ઝરા'
અમદાવાદ, ગુજરાત.

# સાઈકલથી સેમિકન્ડક્ટર સુધીઃ ૧૯૫૧માં ભાવનગરના મહારાજાએ જે ગ્રુપની સાઈકલ ફેક્ટરીનું ઉદ્ઘાટન કર્યું, તે ગ્રુપની કંપની હવે સાણંદમાં સેમિકન્ડક્ટર ચીપ બનાવીને દેશ-વિદેશ મોકલે છે



ગાંધીનગર, ૨૯ જુલાઈ, ૨૦૨૬: તમે હર્ક્યૂલિસ સાઈકલ વિશે સાંભળ્યું હશે. વર્ષ ૧૯૪૯માં ચેન્નઈ સ્થિત મુરુગપ્પા ગ્રુપ દ્વારા યુ.કેની ટ્યૂબ ઈન્વેસ્ટમેન્ટ્સ કંપની સાથે ભાગીદારીમાં ટીઆઈ સાઈકલ્સ ઓફ ઈન્ડિયાની શરૂઆત કરવામાં આવી હતી. ભાવનગર રજવાડાના છેલ્લા અને અત્યંત લોકપ્રિય તેમજ પ્રજાવત્સલ રાજવી શ્રી કૃષ્ણકુમારસિંહજી ગોહિલ જ્યારે મદ્રાસ રાજ્યના ગવર્નર તરીકે કાર્યરત હતા, તે દરમિયાન તેમના હસ્તે વર્ષ ૧૯૫૧માં આ કંપનીની ટીઆઈ સાઈકલ્સ 'એ' ફેક્ટરીનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ ફેક્ટરીમાંથી જ હર્ક્યૂલિસ સાઈકલનું નિર્માણ શરૂ થયું હતું, જે આગળ જતા દેશમાં એક જાણીતી બ્રાન્ડ બની હતી. આ મુરુગપ્પા ગ્રુપની કંપની ઝ્ય સેમિ હવે ભારતના સેમિકોન મિશનને આગળ લઈ જવામાં એક મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવવા તૈયાર છે, અને ૪ જુલાઈ ૨૦૨૬ના રોજ, સાણંદમાં આ કંપનીના વ્યવસાયિક ઉત્પાદનનો વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના હસ્તે શુભારંભ કરવામાં આવ્યો છે.

ઝ્ય પાવર એન્ડ ઈન્ડસ્ટ્રીઅલ સોલ્યુશન્સ લિમિટેડની સબસિડરી કંપની ઝ્ય સેમિ પ્રા. લિમિટેડ દ્વારા ?૭૬૦૦ કરોડના ખર્ચે સાણંદમાં 'જીછ્ સુવિધા શરૂ કરવામાં આવી છે. ઝ્યસેમી સાથે જાપાનની રેનેસાસ ઈલેક્ટ્રોનિક્સ અને થાઈલેન્ડની સ્ટાર માઈક્રોઈલેક્ટ્રોનિક્સ સંયુક્ત ભાગીદારીમાં છે, જેમાં મહત્તમ શેરહોલ્ડિંગ ઝ્ય સેમિનું છે. સાણંદમાં નિર્મિત ચીપની ખરીદી જાપાનની કંપની દ્વારા કરવામાં આવશે અને સાથોસાથ ટેક્નોલોજિકલ સહયોગ પણ પૂરો પાડવામાં આવી રહ્યો છે. કંપની હવે મોટાપાયે વ્યવસાયિક ઉત્પાદન કરીને દેશ-વિદેશમાં ચીપ્સ મોકલશે.

ફ્લોર પર મોટાભાગની કામગીરી મહિલા કર્મચારીઓ દ્વારા સંચાલિત

ભારતના સેમિકન્ડક્ટર મિશનને આગળ લઈ જવા માટે ઝ્ય સેમિ વ્યૂહાત્મક રીતે આગળ વધી રહી છે. ખાસ કરીને મહિલા સશક્તિકરણ માટે કંપની દ્વારા વિશેષ પ્રયાસો કરવામાં આવ્યા છે. ઝ્યસેમિકોનના અધિકારીઓ તરફથી જણાવ્યા અનુસાર ફેક્ટરી ફ્લોર પર પ્લાન્ટ ઓપરેશનની મોટાભાગની કામગીરી મહિલાઓ દ્વારા કરવામાં આવે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. સમગ્ર દેશમાં અલગ અલગ રાજ્યોમાંથી અહીં મહિલા કર્મચારીઓ અત્યારે કામ કરી રહી છે. ફ્લોર પર મશીન ઓપરેશન્સની મહત્તમ કામગીરી મહિલાઓ દ્વારા કરવામાં આવશે.

મહિલાઓ કોન્ફિડન્સ સાથે ઓપરેશનની કામગીરીમાં સક્રિય

ગુજરાત સહિત સમગ્ર દેશમાંથી આવીને સાણંદમાં કામ કરતી મહિલા કર્મચારીઓને સેમિકન્ડક્ટર પ્લાન્ટમાં કામગીરી માટેની પ્રેક્ટિકલ તાલીમ માટે કંપની દ્વારા ત્રણ મહિના માટે મલેશિયા મોકલવામાં આવી હતી. આ મહિલા કર્મચારીઓ હવે સ્વતંત્ર રીતે પ્લાન્ટમાં મશીન ઓપરેશન્સ કરવા માટે સજ્જ થઈ ગઈ છે. મૂળ નવસારીની રહેવાસી અને અમદાવાદની એલ.ડી એન્જિનિયરિંગમાં વર્ષ ૨૦૨૪માં ઈલેક્ટ્રોનિક્સ અને કૉમ્યુનિકેશનનો અભ્યાસ પૂર્ણ કરનાર શ્રેયા ભરતભાઈ પટેલ અને સુરેન્દ્રનગરની જાનવી પાટડીયા આ પ્લાન્ટમાં પ્રોસેસ ક્વૉલિટી એન્જિનિયર તરીકે કાર્ય કરે છે. શ્રેયાના જણાવ્યા અનુસાર, "પહેલા અમે ચીપનો ઉપયોગ કરતા હતા તેથી તેની નિર્માણ પ્રક્રિયામાં પણ અમને રસ પડ્યો. તેથી જ્યારે સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં કામ કરવાની તક મળી, તો મેં તેમાં આગળ વધવાનું નક્કી કર્યુ. અત્યારે અમને સેમિકન્ડક્ટર ક્ષેત્રની ટેક્નિકલ બાબતોને શીખવામાં ઘણો આનંદ આવે છે." પ્રોસેસ એન્જિનિયર તરીકે શ્રૈયાને એસેમ્બ્લીમાં કોઈ પણ પ્રકારના ડિફેક્ટને શોધવાની જવાબદારી હોય છે.

જાનવી પાટડીયાને પણ સેમિકન્ડક્ટર ક્ષેત્રે નવું શીખવાની ધગશ છે. જાનવી કહે છે, "અમે જ્યારે તાલીમ લેવા મલેશિયા ગયા ત્યારે એક ઓપરેશનલ કંપનીમાં કામ કરવા મળ્યું. પરંતુ અહીં સ્કેચમાંથી આ કંપનીનું નિર્માણ થઈ રહ્યું છે. તેથી ઘણા પડકારો જોવા મળે છે, તેમાંથી નવું શીખવા મળે છે."

જાનવીની સાથે કેરળના વાયનાડની રહેવાસી વૈષ્ણવી પાલ પણ પ્રોસેસ એન્જિનિયરની જવાબદારી સંભાળે છે. કેમિકલ એન્જિનિયરની ડિગ્રી મેળવીને અત્યારે તે ઝ્ય સેમિના પ્લાન્ટમાં ઈલેક્ટ્રોલાઈટ પ્લેટિંગ કામગીરી સંભાળે છે. વૈષ્ણવી રાજીપો વ્યક્ત કરતા જણાવે છે, "મારું કેમિકલ એન્જિનિયરિંગનું બેકગ્રાઉન્ડ છે એટલે મને પહેલા સેમિકન્ડક્ટર વિશે વધારે માહિતી ન હતી. પરંતુ જ્યારથી હું આ ક્ષેત્રમાં આવી છું, અને મને તાલીમ મળી ત્યારથી મારા ડાઉટ્સ ક્લિયર થઈ ગયા છે. મને ઘણુ એક્સપોઝર મળ્યું છે અને હું હવે વધારે કોન્ફિડન્ટ બની ગઈ છું."

કેરળની રહેવાસી સાન્દ્રા ઈ.કે પણ પ્રોસેસ એન્જિનિયર તરીકે ઝ્યસેમિમાં ફરજ બજાવે છે. સાન્દ્રા કહે છે, "હું ઈન્ટર્નશિપમાં હતી ત્યારે મને આ તક વિશે માહિતી મળી. પહેલા મને ગુજરાતના ઔદ્યોગિક વિકાસ વિશે બહુ ખયાલ ન હતો પરંતુ જ્યારથી અહીં આવીને મેં ઈન્ડસ્ટ્રી જોઈ ત્યારે મારું સમગ્ર પર્સેપ્શન બદલાઈ ગયું છે."

ઈન્દોરની આકાંક્ષા તંવર પણ ઇ.સી એન્જિનિયર છે અને પ્રોસેસ એન્જિનિયર તરીકે કાર્ય કરે છે. આકાંક્ષા કહે છે, "અમને તાલીમ માટે પહેલી વાર અબ્રોડ જવા મળ્યું અને સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં નવું શીખવા મળે છે, તેથી આગળ વધવાની ઘણી તકો આ ક્ષેત્રમાં છે."




આજરોજ ભાવનગરની ધ કે .પી .ઈ.એસ ઇંગ્લિશ સ્કૂલના પ્રિ પ્રાયમરી વિભાગમાં ગુરુપૂર્ણિમાનો પાવન પર્વ શાળા સંચાલનના માનનીય હોદ્દેદારો અને વિવિધ વિભાગના આચાર્યશ્રીઓની ઉપસ્થિતિમાં ભક્તિભાવ અને ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને ગુરુ વંદનાથી કરવામાં આવી. નાના ભૂલકાઓએ પ્રાર્થના અને ગુરુ મહિમા દર્શાવતા ગીતો દ્વારા સૌનું મન મોહી લીધું. વિદ્યાર્થીઓએ પોતાના ગુરુજનો પ્રત્યે આદર ,પ્રેમ અને કૃતજ્ઞતા ની ભાવના વ્યક્ત કરી.



सत्यमेव जयते
ગુજરાત સરકાર
આ ચોમાસામાં, આવો જોડાઈએ
કેચ ધ રેઈન
અભિયાનમાં,
અને લઈએ જળસંચયનો સંકલ્પ
...કારણ કે જળ છે તો આપણે છીએ
“કેચ ધ રેઈન - આ અભિયાન હેઠળ વરસાદના પાણીના એક-એક ટીપાંને આપણે સૌએ મળીને બચાવવાનું છે. મારો ખાસ આગ્રહ છે કે વરસાદના પાણીનું દરેક ટીપું આપણે બચાવીએ.”
– નરેન્દ્ર મોદી, વડાપ્રધાન, ભારત
આપણે શું કરવાનું છે?
દરેક ઘર, સોસાયટી અને કામકાજના સ્થળ પર રેઈન વૉટર હાર્વેસ્ટિંગ ટેકનિક અપનાવીએ
યોગ્ય જગ્યા પસંદ કરીને રિચાર્જ પિટ તથા શાફ્ટ બનાવશો અને બિન-ઉપયોગી બોરવેલને ઠીક કરીને ગ્રાઉન્ડ વૉટર રિચાર્જ કરીએ
વાવ, કૂવા અને પરંપરાગત જળ સંરચનાઓમાં જરૂરી સુધારા કરી તેને વપરાશ યોગ્ય બનાવીએ
વરસાદી જળનો મહત્તમ સંગ્રહ થાય તે માટે આસપાસના તળાવો, જળાશયોમાંથી કાંપ કાઢીને જળધારણ ક્ષમતામાં વધારો કરીએ
જળગ્રહણ ક્ષેત્રોમાં વધુમાં વધુ વૃક્ષો વાવીને ગ્રીન કવર વધારીએ
“વરસાદના એક-એક ટીપાંને જમીનમાં ઉતારી આપણી આવતીકાલને જળ-સુરક્ષિત અને પાણીદાર બનાવવાનો અમારો અડગ સંકલ્પ છે.” - હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

## તંત્રી લેખ...

# સહાયની ખાતરી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેન્દ્રીય મંત્રીઓ સર્બાનંદ સોનોવાલ અને પાબિત્રા માર્ગેરિટા સહિત આસામના સાંસદોને મળ્યા અને રાજ્યમાં પૂરની પરિસ્થિતિ અંગે ચર્ચા કરી. તેમણે તેમને કેન્દ્ર સરકારના સંપૂર્ણ સમર્થનની ખાતરી આપી.

ઠ પરની એક પોસ્ટમાં બેઠકની વિગતો શેર કરતા, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે ચર્ચા આસામમાં પૂરની પરિસ્થિતિ પર કેન્દ્રિત હતી અને પુનરોચ્ચાર કર્યો કે કેન્દ્ર સરકાર આપત્તિથી પ્રભાવિત લોકોને મદદ કરવા માટે રાજ્ય સરકાર સાથે ગાઢ સંકલનમાં કામ કરી રહી છે.

×આસામના સાંસદોને મળ્યા અને રાજ્યના વિવિધ ભાગોમાં પ્રવર્તમાન પૂરની પરિસ્થિતિ અંગે ચર્ચા કરી. કેન્દ્ર અસરગ્રસ્તોને મદદ કરવા માટે આસામ સરકાર સાથે નજીકથી કામ કરી રહ્યું છે. હું દરેકની સલામતી અને સુખાકારી માટે પ્રાર્થના કરું છું,× પીએમ મોદીએ પોસ્ટ કર્યું.

ભારે વરસાદને કારણે આસામ વ્યાપક પૂર સામે લડી રહ્યું છે, જેના કારણે ઘણા જિલ્લાઓ પ્રભાવિત થયા છે, વિશાળ વિસ્તારો ડૂબી ગયા છે અને સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે, આ બેઠક મહત્વપૂર્ણ બની રહી છે.

ઘણા પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી ચાલુ છે, હજારો વિસ્થાપિત લોકો રાજ્ય વહીવટીતંત્ર દ્વારા સ્થાપિત રાહત શિબિરોમાં રહી રહ્યા છે.

પૂરની અસર ઘટાડવા માટે કેન્દ્ર અને આસામ સરકાર દ્વારા સતત પ્રયાસો વચ્ચે પ્રધાનમંત્રીનું આ વચન આવ્યું છે.રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ (દ્ગડ્ઢઇહ્લ) સહિત અનેક કેન્દ્રીય એજન્સીઓ રાજ્યના અધિકારીઓને બચાવ કામગીરી, ફસાયેલા રહેવાસીઓને બહાર કાઢવા અને રાહત સામગ્રીના વિતરણમાં મદદ કરી રહી છે.

# જાપાનમાં ૭.૧ ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ, સમગ્ર દેશમાં ભૂકંપના આંચકા અનુભવાયા

ટોક્યો,

જાપાનના દક્ષિણ મુખ્ય ટાપુ ક્યુશુ પર મંગળવારે બપોરે ૭.૧ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો અને સુનામીની ચેતવણી જારી કરવામાં આવી હતી, એમ જાપાન હવામાન એજન્સીએ જણાવ્યું હતું. ત્નસ્છ એ જણાવ્યું હતું કે ભૂકંપ સમુદ્રની સપાટીથી ૧૦ કિમી (૬ માઇલ) નીચે આવ્યો હતો. સાંજે ૪:૨૯ વાગ્યે આવેલા ભૂકંપ પછી તાત્કાલિક કોઈ નુકસાન કે ઈજાના અહેવાલ મળ્યા નથી. ટોક્યોથી લગભગ ૯૦૦ કિમી (૫૪૦ માઇલ) દક્ષિણપશ્ચિમમાં આવેલા કુમામોટોના પશ્ચિમી વિસ્તારમાં ભૂકંપ નોંધાયો હતો. જોકે, યુએસ પેસિફિક સુનામી ચેતવણી કેન્દ્રએ જણાવ્યું હતું કે સ્થાનિક દરિયાકાંઠાની બહાર સુનામીનો કોઈ ભય નથી.ભૂકંપના પગલે, જાપાનના વડા પ્રધાન કાર્યાલયે અધિકારીઓને શક્ય તેટલી વહેલી તકે નુકસાન અંગેની સ્થિતિનું મૂલ્યાંકન કરવા સૂચના આપી હતી. સરકારે વધુમાં અધિકારીઓને માનવ જીવનને સૌથી ઉપર પ્રાથમિકતા આપવા અને કટોકટી આપત્તિ પ્રતિભાવમાં કોઈ કસર છોડવા સૂચના આપી હતી.

આ ઉપરાંત, જાપાન સરકારે કુમામોટો, નાગાસાકી, કાગોશિમા, ફુકુઓકા, સાગા, ઓઇટા અને મિયાઝાકી પ્રીફેક્ચર્સ માટે કટોકટી ભૂકંપની ચેતવણીઓ પણ જારી કરી હતી, જે બધા જાપાનના દક્ષિણ ક્યુશુ ટાપુ પર છે.

એક અઠવાડિયામાં આ બીજો ભૂકંપ છે

૨૫ જૂનના રોજ ઉત્તર જાપાનમાં ૭.૨ ની તીવ્રતાનો બીજો ભૂકંપ આવ્યો હતો પરંતુ તેમાં કોઈ મૃત્યુ કે મોટું નુકસાન થયું ન હતું. એ નોંધવું જોઈએ કે જાપાન વિશ્વના સૌથી વધુ ભૂકંપની દ્રષ્ટિએ સક્રિય દેશોમાંનો એક છે, જે પેસિફિક ×રિંગ ઓફ ફાયર× ની પશ્ચિમ ધાર પર ચાર મુખ્ય ટેક્ટોનિક પ્લેટોની ટોચ પર સ્થિત છે. લગભગ ૧૨૫ મિલિયન લોકોનું ઘર, જાપાન સામાન્ય રીતે દર વર્ષે સેંકડો આંચકા અનુભવે છે અને વિશ્વના લગભગ ૧૮ ટકા ભૂકંપો માટે જવાબદાર છે.

જોકે, મોટાભાગના ભૂકંપ હળવા હોય છે, જોકે તેમના કારણે થતું નુકસાન તેમના સ્થાન અને પૃથ્વીની સપાટીની નીચેની ઊંડાઈ અનુસાર બદલાય છે.

નોંધનીય છે કે, આ વર્ષે ૨૦ એપ્રિલે દેશના ઉત્તરમાં ૭.૭ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેમાં ઓછામાં ઓછા ૧૦ લોકો ઘાયલ થયા હતા અને ટોક્યોમાં મોટી ઇમારતો હચમચી ગઈ હતી. ભૂકંપને કારણે અધિકારીઓએ ૮.૦ કે તેથી વધુ તીવ્રતાના ભૂકંપના જોખમ અંગે ખાસ સલાહકાર ચેતવણી જારી કરી હતી. એક અઠવાડિયા પછી આ સલાહ પાછી ખેંચી લેવામાં આવી હતી.

જાપાનમાં ૭ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો

ગયા મહિને ૨૫ જૂને, દેશમાં બીજો ભૂકંપ આવ્યો હતો અને જાપાનના વડા પ્રધાન સના તાકાઈચીએ ગુરુવારે નાગરિકોને સતર્ક રહેવાની સલાહ આપી હતી, જ્યારે ઇવાટે પ્રીફેક્ચરના દરિયાકાંઠે તેનું કેન્દ્રબિંદુ હતું, અને આઓમોરી પ્રીફેક્ચરના હાશિકામી ટાઉનમાં ૬-ઉપલા સ્તરની મહત્તમ તીવ્રતા સાથેનો જોરદાર ભૂકંપ જોવા મળ્યો હતો.

તેમજ વધુમાં તાકાઈચીએ સંબંધિત મંત્રાલયો અને એજન્સીઓને સ્થળાંતર અને નુકસાન અંગે લોકોને સમયસર અને સચોટ માહિતી પૂરી પાડવા સૂચના આપી હતી, અને કહ્યું હતું કે સુનામીની કોઈ ચિંતા નથી. ×આજે સવારે લગભગ ૭:૩૦ વાગ્યે, ઇવાટે પ્રીફેક્ચરના દરિયાકાંઠે ભૂકંપનો આંચકો અનુભવાયો, અને આઓમોરી પ્રીફેક્ચરના હાશિકામી ટાઉનમાં મહત્તમ ૬-ઉપલા સ્તરની ભૂકંપની તીવ્રતા સાથે જોરદાર ધ્રુજારી જોવા મળી. સુનામી વિશે કોઈ ચિંતા નથી,× તેણીએ ઠ પરની એક પોસ્ટમાં જણાવ્યું.

# ઈરાકથી ડ્રોન હુમલા બાદ સાઉદી અરેબિયાની અબકૈક રિફાઈનરીમાં ભીષણ આગ લાગી

રિયાધ,

સાઉદી અરેબિયામાં સાઉદી અરામકોની અબકૈક રિફાઇનરીમાં ડ્રોન હુમલા બાદ ભીષણ આગ ફાટી નીકળી હોવાના અહેવાલ છે. આ ઘટનાએ વૈશ્વિક તેલ પુરવઠા અંગે ચિંતા ફેલાવી છે, કારણ કે યુનાઇટેડ સ્ટેટ્સ (યુએસ) અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે મધ્ય પૂર્વમાં તણાવ પહેલાથી જ વધ્યો છે.

´જીંદ્ગ (ઓપન સોર્સ ઇન્ટેલિજન્સ) સાઇટ્સ દ્વારા શેર કરાયેલા અનેક વિડિઓઝ સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે જેમાં સુવિધા અને ઇસ્ટ-વેસ્ટ પમ્પિંગ સ્ટેશનમાંથી ધુમાડો નીકળતો જોવા મળે છે. જો કે, ઇન્ડિયા ટીવી ડિજિટલ સ્વતંત્ર રીતે વિડિઓની સત્યતા ચકાસી શકતું નથી.

અબકૈક રિફાઇનરી સાઉદી અરામકોનું સૌથી મોટું તેલ પ્રોસેસિંગ સંકુલ છે. આ ઉપરાંત, તે વિશ્વનો સૌથી મોટો ક્રૂડ ઓઇલ સ્ટેબિલાઇઝેશન પ્લાન્ટ પણ છે, જે ક્રૂડ ઓઇલમાંથી હાઇડ્રોજન સલ્ફાઇડ, કુદરતી ગેસ પ્રવાહી, પાણી અને અન્ય અશુદ્ધિઓને દૂર કરે છે. તેથી, સુવિધા પર કોઈપણ હુમલો વૈશ્વિક ક્રૂડ સપ્લાય ચેઇનને ગંભીર અસર કરી શકે છે.

હાલ સુધી, સાઉદી અરામકોએ આગ અંગે નિવેદન જારી કર્યું છે. વધુમાં, આ હુમલામાં કોઈ જાનહાનિ થઈ છે કે નહીં તેની કોઈ પુષ્ટિ થઈ નથી.સાઉદી અરેબિયાએ દાવો કર્યો છે કે ડ્રોન ઈરાકથી ઈરાન તરફી આતંકવાદી જૂથો દ્વારા છોડવામાં આવ્યા હતા. આ ડ્રોનને સંરક્ષણ દળો દ્વારા અટકાવવામાં આવ્યા હતા અને પૂર્વીય ક્ષેત્ર અને રિયાધમાં પેટ્રોલિયમ સુવિધાઓ તરફ લક્ષ્ય રાખવામાં આવ્યું હતું.

સંરક્ષણ મંત્રાલયના સત્તાવાર પ્રવક્તા મેજર જનરલ તુર્કી અલ-મલિકીએ ×સ્પષ્ટતા કરી હતી કે આ આતંકવાદી પ્રયાસો ઈરાકી પ્રદેશથી શરૂ કરવામાં આવ્યા હતા અને ઈરાની સમર્થિત આતંકવાદી લશ્કર દ્વારા કરવામાં આવ્યા હતા, જે રાજ્યના પોતાના અને તેની ક્ષમતાઓનો બચાવ કરવાના કાયદેસર અધિકાર અને યોગ્ય સમયે અને સ્થળે જવાબ આપવાના અધિકારને જાળવી રાખે છે,× સંરક્ષણ મંત્રાલયે ઠ ના રોજ જણાવ્યું હતું.

### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુરુપૂર્ણિમાના પાવન પર્વે શામળાજી મંદિરે કર્યા દર્શન

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે શામળાજીના પૂજન-અર્ચન કરી રાજ્યના સર્વાંગી વિકાસ, સુખ, સમૃદ્ધિ, શાંતિ અને જનકલ્યાણ માટે પ્રાર્થના કરી



ગુરુપૂર્ણિમાના પાવન અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સુપ્રસિદ્ધ યાત્રાધામ શ્રી શામળાજી મંદિરે દર્શન, પૂજન-અર્ચન કરી રાજ્યના સર્વાંગી વિકાસ, સુખ, સમૃદ્ધિ, શાંતિ અને જનકલ્યાણ માટે પ્રાર્થના કરી હતી મુખ્યમંત્રીશ્રીએ ગુરુપૂર્ણિમાની સૌને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી અને ગુરુ તત્ત્વના મહત્ત્વને યાદ કરાવતા જણાવ્યું હતું કે ગુરુની કૃપા અને આશીર્વાદથી જ જીવનમાં સાચો માર્ગ મળે છે. શામળાજી મંદિર અરવલ્લી જિલ્લાનું પ્રાચીન અને મહત્ત્વપૂર્ણ તીર્થસ્થાન છે. શામળાજી ભગવાન વિષ્ણુના ગદાધર સ્વરૂપને સમર્પિત છે અને આદિવાસી સમુદાયમાં કાળિયો દેવ તરીકે પણ પૂજાય છે. ગુરુપૂર્ણિમાના આ પવિત્ર દિવસે મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિથી સમગ્ર ક્ષેત્રમાં ભક્તિ અને આનંદનો માહોલ છવાયો હતો.શામળાજી ખાતે દીવ, દમણ અને દાદરા નગર હવેલીના પ્રશાસક પ્રફુલભાઈ પટેલ, રાજ્યમંત્રી શ્રી પી.સી. બરંડા, જિલ્લાના પદાધિકારીશ્રીઓ સહિતના રાજકીય -સામાજિક અગ્રણીઓ, જિલ્લા કલેકટર શ્રી મિલિન્દ બાપના, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી મહેક જૈન સહિત જિલ્લાના અધિકારીઓ તથા મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા.અત્રે ઉલ્લેખનીય છે કે ગુરુપૂર્ણિમાના પવિત્ર પર્વે મેશ્વો નદીના કિનારે સ્થિત આ પ્રાચીન વૈષ્ણવ તીર્થમાં ભગવાન વિષ્ણુના ગદાધર સ્વરૂપ શામળાજીના દર્શનનું વિશેષ મહત્ત્વ છે. હિન્દુ પરંપરામાં ગુરુપૂર્ણિમા એ ગુરુ તત્ત્વને સમર્પિત પવિત્ર તહેવાર છે. ભગવાન શામળાજીને અનેક ભક્તો પોતાના આરાધ્ય દેવ અને ગુરુ તરીકે પૂજે છે. આ દિવસે ભગવાનના દર્શન કરવાથી ભક્તોને વિશેષ પુણ્ય અને આધ્યાત્મિક શક્તિ પ્રાપ્ત થાય છે તેવી માન્યતા છે. મંદિર પરિસરમાં વહેલી સવારથી જ હજારો ભક્તોની ભીડ ઉમટી હતી અને ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. ભગવાનને વિશેષ શણગાર સાથે સજાવવામાં આવ્યા હતા.



આનંદ આશ્રમ ફતેહવાડી સરખેજ માં બ્રહ્માલીન સ્વામી શ્રી કુમારાનંદ યોગીના આશીર્વાદ થી આશ્રમમાં ગુરુ પૂર્ણિમા ઉત્સવ ઉજવવામાં આવેલ જેમાં સ્વામી શ્રી રાજેશ્વરાનંદ પુરી નું સેવક ગણે પુજા અર્ચના કરી આશીર્વાદ મેળવ્યા હતા આ શુભ પ્રસંગે ભોજન પ્રસાદીના દાતાશ્રી ગણપતીબેન મદનલાલ શર્મા તરફથી સુંદર આયોજન કરવામાં આવેલ હતું આ કાયૅક્રમ ને સફળ બનાવવા પુજારી કૈલાસ પુરી તથા સ્વામી શ્રી જનક પુરી એ મોટો જહેમત ઉઠાવી હતી

# રાવણ થવું સહેલું નથી: આધુનિક રાવણો માટે અરીસો!(સંત સુરા)

×રાવણ× નામ લેતા જ લોકોના મોઢા બગડે છે. પણ સવાલ એ છે - રાવણ થવું ક્યાં સહેલું હતું?!

૧. એ રાવણ અને આજના રાવણમાં ફરક

લંકાનો રાવણ ચારેય વેદનો જ્ઞાતા હતો. શિવતાંડવ સ્તોત્ર એણે રચ્યું. સંગીત, રાજનીતિ, આયુર્વેદ, ખગોળ - એ બધાનો પંડિત હતો. ૧૦ માથા એટલે ૧૦ દિશાનું જ્ઞાન.

આજના રાવણ? ૧૦ માથા નથી, પણ ૧૦ ફેકૈંઢ છે. જ્ઞાન શૂન્ય, અહંકાર ૧૦૦.

એ રાવણે સીતાનું અપહરણ કર્યું, પણ સીમા ન ઓળંગી. અશોક વાટિકામાં રખોપા મૂક્યા, પણ હાથ ન અડાડ્યો. એને ખબર હતી સ્ત્રીનું સન્માન શું હોય.

આજના રાવણ? ઉરફંજર્છ પર બહેનોને મેસેજ, ઓફિસમાં શોષણ, સત્તાના નશામાં ચારિત્ર્ય વેચી દે.

૨. રાવણના સદગુણો - જેની આપણે અવગણના કરીએ છીએ

૧. ભક્તિ: શિવનો પરમ ભક્ત. રોજ ૧૦ માથા કાપીને ચઢાવે.

૨. પ્રજાવત્સલ રાજા: લંકા સોનાની હતી. પ્રજા સુખી હતી. ટેક્સ નહીં, ભ્રષ્ટાચાર નહીં.

૩. પરાક્રમી: દેવો પણ એનાથી કાંપતા. કુબેર પાસેથી લંકા જીતી લીધી.

૪. જ્ઞાની: મરતા સમયે લક્ષ્મણને પણ રાજનીતિનું જ્ઞાન આપ્યું.

એટલે જ રાવણને ×મહાપંડિત× કહેવાય. દુશ્મન હતો, પણ દુર્જન નહીં.

૩. તો પછી આધુનિક રાવણો કોણ?

આજે શેરીમાં, ઓફિસમાં, સત્તામાં ફરતા રાવણોને જુઓ:

- શિક્ષણનો રાવણ: ડિગ્રી ૧૦ છે, પણ જ્ઞાન ૦. વિદ્યાર્થીઓનું ભવિષ્ય વેચે.

- વેપારનો રાવણ: નફા માટે નકલી દવા, ભેળસેળ. ગરીબનું લોહી પીવે.

- સત્તાનો રાવણ: ખુરશી માટે ગમે તે. જનતાના ટેક્સના પૈસાથી કરોડોના આશ્રમ અને બંગલા.

- સોશિયલ મીડિયાનો રાવણ: બીજાની બહેન-દીકરીની ઈજ્જત ઉછાળે. કમેન્ટમાં અસુર બની જાય.

એ રાવણે એક ભૂલ કરી, ૧૦ સદગુણ હતા. આજના રાવણો પાસે ૧૦ ભૂલ છે, એક પણ સદગુણ નથી.

૪. કટાક્ષ કોના પર?

આપણે રાવણનું પૂતળું બાળીએ છીએ, પણ આપણી અંદરના રાવણને પાળીએ છીએ.

ઘરમાં બાપને વૃદ્ધાશ્રમ મોકલીએ અને હ્લટ્ઠષ્ઠીહ્વ પર ×માતૃ દેવો ભવ× નો સ્ટેટસ મૂકીએ - એ જ આધુનિક રાવણપણું છે.

ઓફિસની બહેનને હેરાન કરીએ અને દશેરાએ ×નારી શક્તિ× ના નારા લગાવીએ - એ જ રાવણપણું છે.

એ વાસ્તે પણ રાવણ થવા માટે તપ, ત્યાગ અને જ્ઞાન જોઈએ. જે આજના લોકો પાસે નથી.

આપણી પાસે છે ફક્ત રાવણનો અહંકાર અને દુર્યોધનની બુદ્ધિ.

આપણે રાવણને ગાળ દેવાને બદલે એના જ્ઞાન અને શિવભક્તિમાંથી કંઈક શીખીએ. અને આધુનિક રાવણોને ઓળખીને બહિષ્કાર કરીએ.

કારણ કે રામરાજ્ય ત્યારે જ આવશે જ્યારે ઘર-ઘરનો રાવણ મરી જશે! જય લંકેશ! જય શક્તિ! જય સત્ય! જય નીતિ!(સંત સુરા : ૯૪૨૭૮ ૩૧૨૧૩)

લેખક:સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)સુરત

# ગુરુ પૂર્ણિમા ઉત્સવની ઉજવણી



*ગુરુ પૂર્ણિમા ઉત્સવની ઉજવણી ગાયત્રી પરિવાર નારણપુરા,લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ જોધપુર હિલ,આશાપલ્લી, આશાપલ્લી હોપ્સ, લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ ફોર્ટ તથા જીવન સંધ્યા સિનિયર સિટીઝન હોમ,જાયન્ટ્સ ગ્રુપ ઓફ અમદાવાદ કોહિનૂર, સંયુક્ત ઉપક્રમે "તારીખ: ૨૯/૦૭/૨૬, બુધવાર,સમય:- બપોર ૩-૦૦ કલાકે સ્થળ:- જીવન સંધ્યા સીનીયર સીટીઝન હોમ,અંકુર નારણપુરા અમદાવાદ ખાતે ભક્તિમય વાતાવરણમાં "ગુરુ પાદુકા પૂજન અર્ચન-શ્રી સત્યનારાયણ ભગવાનની કથા-તુલસી પૂજન-ગુરુ ચાલીસા પાઠ-ગાયત્રી ચાલીસા પાઠ શ્રી પ્રવીણભાઈ પટેલ સંગીત વૃંદ સાથે મધુર સ્વરમાં યોજાયુ. ગાયત્રીમંત્ર લેખન બુક,સત્ સંકલ્પ પત્ર વિતરણ, સિનિયર સિટીઝન હોમમાં રહેતા રહીશોને પ્રસાદ તથા સાંજનું ભોજન પીરસવામાં આવ્યું.વૃક્ષારોપણ,તુલસી રોપાનું વિતરણ કાર્યક્રમ રાખવામાં આવ્યો.દિપ પ્રાગટ્ય:લાયન ભરતભાઈ શેઠ પ્રથમ વાઈસ ડીસ્ટ્રીક્ટ ગવર્નર, મુખ્ય મહેમાન :લાયન પરાગ શાહ તથા લાયન રેખા અસરાની ડીસ્ટ્રીક ચેર પર્સન કેરફોર સીનીયર સીટીઝન, અતિથિ વિશેષ : ડિમ્પલ શાહ,ટ્રસ્ટીશ્રી જીવન સંધ્યા સીનીયર સીટીઝન હોમ તથા સી.એ રમેશ નાગર પ્રેસિડેન્ટ જાયન્ટ્સ વેલ્ફેર ફાઉન્ડેશન ઉસી,વર્ષાબેન શાહ ડિસ્ટ્રિક્ટ ચેર પર્સન ફૂડ ફોર હંગર હાજર રહ્યા.સમગ્ર કાર્યક્રમના કોર્ડીનેટર લાયન ગિરીશ પટેલ, પબ્લિક રિલેશન ઓફિસર ગ્રીટર હાજર રહીને સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યુ.ખૂબ જ મોટી સંખ્યામાં ગાયત્રી પરિવારના સ્વજનો તથા લાયન્સ મેમ્બર્સ હાજર રહીને સમગ્ર ભકિતમય કાર્યક્રમ માણ્યો. સિનિયર સિટીઝન હોમમાં રહેતા વડીલો આ કાર્યક્રમ માણી ભાવવિભોર થઈ ગયા હતા.*

**Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat**